જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૨૨   ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૧૨૯૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૮ | ૪,૩૭,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૫૧ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૦૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૧ બિયર ટીન, ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૬,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૧૩૦૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ઉમંગભાઇ પ્રકાશચંદ્ર ફળિયા (રહે. તેજેન્દ્રનગર-૭, આઇ.ઓ.સી.રોડ ઉમા ભવાની ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૨૦/૦૭/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના, ચાંદીના દાગીના/સીક્કા કુલ કિંમત રૂપિયા ૯૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૨**

**કાગડાપીઠઃ** આણંદ તા-બોરસદ, ગામ-કંકાપુરા ખાતે રહેતા અને અમદાવાદ ગીતામંદિર એસ.ટી હબટાઉન ખાતે કન્સ્ટ્રક્શન સાઇટ ઉપર મજુરી કામ કરતા અશોકભાઈ મેરૂભાઈ પરમાર (ઉ.વ.૩૫) નાઓ તા.૧૩/૦૭/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે મજુરી કામ કરતી વખતે ઉપરથી લોખંડની પાઈપ પડતા માથામાં ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને જમાલપુર શીફા મલ્ટિ સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૭/૨૦૨૨ સાંજના ૪/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અલ્પેશકુમાર પરષોત્તમદાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** પર્વ સ/ઓ જીગનેશભાઇ ચૌધરી (ઉ.વ.૧૭)(રહે. શકિત એલીગન્સ ફલેટ શ્રીહોમ્સ ફલેટની બાજુમાં સાયન્સ સીટી રોડ સોલા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ફલેટના ધાબા ઉપર પાણીની ટાંકી ઉપર જવાની સીડીની એન્ગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**બાપુનગરઃ** ધવલભાઇ અજયભાઇ ખાટસુરીયા (ઉ.વ.૩૬)(રહે. સત્યમ ફ્લેટ મોહનનગર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ સવારના ૧૦/૩૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સીઃ** આશાબહેન ડો/ઓ મનુભાઈ રાવળ (ઉ.વ.૨૦)(રહે.ગરૂડીયો ટેકરા ઉપર છાપરામાં શક્તિ એસ્ટેટની બાજુમાં જીઆઈડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

**નારોલઃ** નારોલ પીપળજ ગામ સૈજપુર-ગોપાલપુર શ્યામનગર ખાતે રહેતા સીયારામ છોટેલાલ રાવત (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ-તિવારીપુર થાના-સુરતન ગંજ તા-ટેઢઇમૌજા જી-અમેઠી ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા નારોલ પીપળજ ગામ પંચાણુવાસ પાછળ આવેલ ખેતરમાં વખડીના ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી